Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૭૯ મું
અંક ૮
તા. ૨૫ મે
★

જેઠ

વીર સં. ૨૪૮૯
વિ. સં. ૨૦૧૯
ઇ. સ. ૧૯૬૩
★

अत्थंगचंमि आइच्चे, पुरत्था य अणुग्गए ।
आहारमाइयं सव्वं, मणसा वि न पत्थए ॥ १ ॥

સૂર્ય આથમી ગયા પછી અને સૂર્ય ઉગ્યો ન હોય તે પહેલાં આહાર પાણી વિગેરેને લગતી બધી પ્રવૃત્તિને એટલે ખાવા-પીવાની તમામ પ્રવૃત્તિને મનથી પણ ન ઇચ્છવી જોઇએ.

सन्तिमे सुहुमा पाणा, तसा अदुव थावरा ।
आइं राओ अपासंतो, कहमेसणियं चरे ? ॥ २ ॥

આ ત્રસ પ્રાણો અથવા આ સ્થાવર પ્રાણો એવાં સૂક્ષ્મ છે કે જેમને રાત્રીએ જોઇ શકાતાં નથી. આવી સ્થિતિમાં રાત્રીએ નિર્દોષ ભિક્ષા માટે કેમ કરીને ફરી શકાય? તો પછી રાત્રે ભોજન પણ કેમ કરીને લઇ શકાય?

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૭૯ મુ : : વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | તારણહારો | ( સુરેશકુમાર કે. શાહ-ભાવનગર ) | ૬૫ |
| ૨ | શ્રી વર્ધમાન મહાવીર : લેખાંક-૪૯ | ( સ્વ. મૌક્તિક ) | ૬૬ |
| ૩ | 'દુ:ખ' એ માનવનો ગુરુ છે! | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૭૦ |
| ૪ | જિન દર્શનની તૃષા | ( ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ-મહેતા ) | ૭૩ |
| ૫ | ભાવ | ( ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ ) | ૭૪ |
| ૬ | શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગરનું ત્રણ વર્ષનું સરવૈયું | | ૭૬ |
| ૭ | સમાલોચના | | ટા. પે. ૪ |


## ખેદકારક સ્વર્ગવાસ

ભાવનગરનિવાસી ભાઈશ્રી હરગોવનદાસ ગીરધરલાલ સં. ૨૦૧૯ ના ચૈત્ર વદી ૨ ગુરૂવાર તા ૧૩-૪-૬૩ ના રોજ ૬૩ વર્ષની વયે સ્વર્ગવાસી થયા છે. સ્વર્ગસ્થ સભાના વાર્ષિક મેમ્બર હતા અને સભાના કાર્યોમાં સારી પ્રેરણા આપતા હતા. સ્વભાવે મિલનસાર હતા. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેમના પુત્ર વિનુભાઈ વિગેરે આપ્તજનો પર આવી પડેલ દુ:ખ પરત્વે દીલસોજી દર્શાવીએ છીએ.

શ્રી સંઘના વહીવટમાં પણ ખૂબ રસ લેતા હતા. તેમના સૂચનો કુશળતાપૂર્વક કહેલા ગણાતા હતા. શ્રી બાળવિદ્યાર્થીભવનની સ્થાપનાથી તેઓ સક્રિય કાર્યકર્તા રહેલ હતા. બાકી ભાવનગરની ઘણી ખરી સંસ્થા સાથે તેઓ સંકળાયેલા હતા.

## સ્થાનિક સમાચાર

### શેઠ જગજીવનદાસ ફુલચંદ ટ્રસ્ટ સંચાલિત ગર્લ્સ હાઇસ્કૂલનો શિલારોપણ વિધિ

તા. ૧૩-૨-૬૩ ના રોજ આ ગર્લ્સ હાઈસ્કૂલનો શિલારોપણ વિધિ એક સુપ્રસિદ્ધ અંધ પંડિત શ્રી જગજીવનદાસ પોપટલાલ સંઘવીના શુભ હસ્તે કરવામાં આવેલ હતો. શ્રી જગજીવનદાસ પંડિતે સાઠેક વર્ષ પહેલાં સ્વ. જૈનાચાર્ય વિજયધર્મસૂરિએ કાશીમાં સ્થાપેલ સંસ્કૃત પાઠશાળામાં ભણીને "વ્યાકરણતીર્થ"ની પદવી લીધેલ હતી શ્રી જૈન ધર્મ પ્રસારક સભા અને શ્રી ગંભીરવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા તરફથી ચાલતી સંસ્કૃત પાઠશાળામાં વર્ષોથી કાર્ય કરે છે. આ પ્રસંગે જાણીતા કોંગ્રેસ આગેવાન શ્રી જાદવજી મોદી પ્રમુખસ્થાને હતા આ શુભ પ્રસંગે ભાવનગરના લોકપ્રિય મહારાજા કૃષ્ણકુમારસિંહજી પણ હાજર હતા. આ ગર્લ્સ હાઈસ્કૂલ ભવિષ્યમાં પ્રગતિ કરે તેમ ઇચ્છીએ છીએ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૭૯ મું અંક ૮ | જેઠ | વીર સં. ૨૪૮૯ વિક્રમ સં. ૨૦૧૯ |
|---|---|---|


## " તારણહારો "



તું છો એક તારણહારો
પ્રભુજી મારો, તું છો એક તારણહારો;
સૃષ્ટિનો સર્જનહારો
ને માનવનો ઘડનારો
તું છો સારી દુનીયાનો – રચનારો;
પ્રભુજી મારો, તું છો એક તારણહારો.
ભવોભવનો સાથી મારો
ને જીવન સંગાથી પ્યારો
તું છો પ્રભુ મારો એક જ સહારો;
પ્રભુજી મારો, તું છો એક તારણહારો.
મંદિર – મસ્જિદમાં તારો
હરનિશ છે વાસ તારો
તું છો પ્રભુ ત્રણ ભુવનનો તું પ્યારો;
પ્રભુજી મારો, તું છો એક તારણહારો.
મુક્તિ – સુખ આપનારો
ને સૌને ઉગારનારો
તું છો મારા જીવનનો ચમકતો સિતારો;
પ્રભુજી મારો, તું છો એક તારણહારો.
જગનો તું પાલનહારો
ને દુ:ખીયાનો તારણહારો
તું છો મારા સુખ – દુ:ખનો સથવારો;
પ્રભુજી મારો, તું છો એક તારણહારો.

—" સુધાકર " સુરેશકુમાર કે. શાહ–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૪૯

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

નરસિંહ અને નરવિક્રમનાં ચરિત્રનું નિરૂપણ કરી પોટ્ટિલાચાર્યે નંદરાજાને કહ્યું "રાજન્ ! આ નરસિંહ રાજાનું ચરિત્ર અને તેનો ત્યાગ ખૂબ વિચારવા યોગ્ય છે. નરવિક્રમના ચરિત્રમાં અદ્દભૂતતા છે તો નરસિંહનો ત્યાગ ખાસ આદરણીય છે આવો રાજવૈભવ પ્રાણી અત્યંત આનંદપૂર્વક છોડી શકે છે અને તેને છોડી દીધા પછી તેની સામું પણ જોતા નથી એ વાત ખૂબ સમજવા જેવા છે અને સમજીને આચારમાં મૂકવા જેવી છે."

નંદરાજાએ ત્યારપછી સવાલ કર્યો: "મહારાજ! આપે નરસિંહ અને તેના પુત્ર નરવિક્રમની વાત કહી તો એમાં કોણ વધારે સુયોગ્ય કહેવાય? બન્નેએ રાજ્યનો ત્યાગ કરી અંતે દીક્ષા લીધી, તો બાપ વધે કે દીકરો વધે?" આચાર્યે જવાબ આપ્યો: 'બન્નેનો ત્યાગ મહાન છે, અનુકરણીય છે. બાકી બાપ ચઢે કે દીકરો ચઢે એ પ્રશ્ન અસ્થાને છે. બન્નેની પરિસ્થિતિમાં બન્ને મહાન ત્યાગી છે, બન્ને પ્રજાપાલન તત્પર હતા, બન્ને પ્રજાના હિતને વિરોધ ન આવે તે પ્રકારે ત્યાગી બન્યા હતા અને બન્નેએ ત્યાગ કર્યા પછી સંસાર તરફ કે પોતાના પૂર્વકાળના વૈભવ તરફ નજર પણ માંડી નથી. નરવિક્રમને રખડપાટો મોટો થયો, પણ એ જયંતી અને જયવર્ધનના બેવડા રાજ્યનો સ્વામી થયો. આ આખા ચરિત્રમાં સમજવા જેવી વાત છે તે છતી સગવડે ત્યાગની હકીકત છે. નરસિંહ રાજા વધારે લાયક ગણાય કે નરવિક્રમ મહારાજા વધારે યોગ્ય ગણાય એ વિચારણાનો કશો અર્થ નથી. એ તો વૈયક્તિક વાત છે અને કેટલીક આત્મિક બાબતો બહારની દુનિયાના જાણવામાં પણ ન આવે. અનુકરણીય વાત તો આવા મહાન રાજ્યના ત્યાગની હકીકત છે. વાત એ છે કે મોટા રાજ્યવૈભવને છોડી દેનારા અને છોડી દીધા પછી તેની સામે નજર પણ ન કરનારા અને જીવનનો બાકી ભાગ તપ ત્યાગ અને સંયમમાં કાઢનારા પ્રાણીઓ પણ હોય છે અને એ દ્રષ્ટિએ બન્નેનું ચરિત્ર સમજીને અનુકરણ યોગ્ય બને છે."

"તો પૂજ્યશ્રી!" નંદનરાજાએ પ્રશ્ન પૂછવા ચાલુ રાખ્યા. "મોટી ઉમરે પણ ત્યાગ કરવામાં વાંધો નહિ આવે?"

આચાર્યશ્રીએ જણાવ્યું "ત્યાગ કરવામાં વયનો બાધ ન આવે. અંતે સર્વ વસ્તુ છોડીને ચાલ્યા જવાનું છે જ, તે વખતે રાજ્ય કે વૈભવ, કુટુંબ કે કબીલો, હાથી કે ઘોડા, સાહ્યબી કે ભંડારો સર્વ અહીં જ મૂકી જવાં પડે છે, એક ફૂટી બદામ પણ સાથે આવતી નથી. પરાણે ત્યાગ થાય ત્યારે એનો મહિમા પણ રહેતો નથી અને અનેક પ્રાણીને તો પરાણે ત્યાગ કરતી વખતે ડચકાં ખાવાં પડે છે. સમજીને ત્યાગ કરવામાં તો ખરી મોજ છે, અંતરનો આનંદ છે, ઉપશમ સુખની અનંતતા છે, આત્મિક વીર્યસ્ફુરણાના પરંપરાનુગત ચમકારા છે, શાંત સુધારસનાં પીણાં છે, આત્મિક શાંતિના ઓડકાર છે એ સુખનું વર્ણન અશક્ય છે, એ સાકરના સ્વાદની જેમ અનુભવે જ સમજાય તેવું છે, પણ એની કલ્પના પણ મોજ કરાવે તેવી છે અને એનો સાચો અનુભવ તો આખા જીવનને પલટાવી નાખી સાહેજિક સાચા આનંદમાં ગરકાવ કરે તેવો છે."

## નંદનરાજાનો સંસાર ત્યાગ–દીક્ષા નિરધાર :

નંદનરાજાએ તુરત જ આચાર્યદેવને જણાવ્યું કે પોતાની ઇચ્છા સંસારનો ત્યાગ કરી દીક્ષા લેવાનો થઇ ગયો છે. પોતે રાજ્યની ગોઠવણ કરી તુરતમાં દીક્ષા લેવાનો અને રાજ્ય કુટુંબ–કબીલાનો સર્વથા



For Private And Personal Use Only

ત્યાગ કરી ભાગવતી દીક્ષા લેવાનો આ રીતે નિર્ધાર બતાવ્યો. આચાર્યદેવે એવા સુંદર કાર્યમાં કોઇજાતનો પ્રતિબંધ કે ઢીલ ન કરવા સલાહ આપી. ઘણી વાર ક્ષણિક વૈરાગ્ય આવી જાય અને પ્રાણી ત્યાગ કરી દે છે. પણ તેના મનમાં સંસાર તરફનું આકર્ષણ ચાલુ જ રહે છે અને વિષયો ન મળવાને કારણે ઊલટી ઝંખના વધારે થઈ આવે છે, એવા ત્યાગનો ખાસ અર્થ નથી, પણ સમજી, વિચારી પાકો નિર્ણય કરી સર્વથા ત્યાગ કરવો અને ત્યાગ કર્યા પછી સ્નેહ સગપણ વિષયો તરફ ઈચ્છા કે ઝંખના પણ કરવી નહિ અને ત્યાગમાં જ ખરૂં આત્મિક રાજ્ય મળ્યું છે એવી ધારણા કાયમ કરવી-આવી પ્રેરણા કરી. નંદનરાજાને અંતર પ્રમોદ થયો, આચાર્ય મહારાજના અંગત વ્યક્તિત્વ પર આકર્પણ થયું. આચાર્યદેવને થોડો વખત ત્યાં (છત્રાનગરીમાં) રોકાઈ જવા વિજ્ઞપ્તિ કરી. લાભનું કારણ જાણી આચાર્યમહારાજે રાજાની માગણીનો સ્વીકાર કરતાં જણાવ્યું કે "ભાઇ નંદન! સંસારના વિષયો પર પ્રાણીને ભૂતકાળના લાંબા વખતના પરિચયને કારણે એટલો બધો રાગ બંધાઈ ગયેલો હોય છે કે એનો ત્યાગ કરતાં પણ અનેક પ્રકારના દુર્ધ્યાન થાય છે. એને પોતાનું સ્થાન એટલું વજનદાર અને જરૂરી લાગે છે કે પોતાની વગર દુનિયા કેમ ચાલશે એમ એને લાગ્યા કરે છે. ઘણી વખત સમર્થ પુત્રો કે લોકપ્રિય મંત્રીઓની શક્તિની સાથે પોતાના ડહાપણની એને જરૂર લાગે છે. એને કદી એમ તો લાગતું જ નથી કે અંતે વહેલા મોડા પોતાને આ સર્વ સંબંધ છોડી સદાને માટે જવાનું જ છે. આ આખો વિચાર મોહ-મમતા અને રાગને કારણે થાય છે. જે સંબંધ સ્થાયી નથી, જેનો વિયોગ એક દિવસ ચોક્કસ થવાનો છે અને જેમાં પૌદ્ગલિક રાગ અને મોહનાં બંધનો ઉઘાડી રીતે દેખાઈ આવે તેવા છે તેને સમજી લેવા ખાતર જરા ઊંડી વિચારણાની જરૂર છે.

"અને આવી વિચારણા પછી નિર્ધાર થાય અને ત્યાગ કરવાનો નિશ્ચય થાય તો તે નિશ્ચયને બરાબર વળગી રહેવામાં જ પોતાનું શ્રેય છે. નિશ્ચય કરવા માટે ખ્યાલમાં રાખવું કે આપણે નહોતા તે દિવસ પણ દુનિયા ચાલતી હતી અને દુનિયાનો સ્વભાવ ચાલવાનો હોઇ પોતે નહિ હોય તે દિવસ પણ દુનિયા જરૂર ચાલવાની છે, કારણ કે અનાદિકાળથી ચાલતી દુનિયાનો સ્વભાવ એની મેળે ચાલવાનો જ છે. ઘણી વખતે પ્રાણી ખોટી રીતે એમ ધારી લે છે કે પોતે હશે તો જ દુનિયા ચાલશે, નહિ તો કદાચ અટકી જશે આ તેનું ઘમંડ છે. દુનિયા એક ક્ષણ પણ અટકતી નથી. મોટા માંધાતા જેવા રાજા જાય કે અસાધારણ વ્યક્તિત્વ હોવાનો દાવો ધરાવનાર મોટા રાજનીતિજ્ઞો કે મંત્રીઓ ચાલ્યા જાય, તો પણ દુનિયા તો ચાલ્યા જ કરે છે. દુનિયામાં પ્રત્યેક પ્રાણીનો સંબંધ આકસ્મિક છે પૌદ્ગલિક છે, મોહજન્ય છે, પોતે લાદેલો છે, સરવાળે ક્ષણિક છે અને અંતે નાશ પામનાર છે. આ વાત તમે જાણી સમજ્યા સ્વીકારી એ આત્મહિતની નજરે ઠીક થયું, પણ હવે એક બીજી વાત કહી દઉં. મોહરાયના ઉછાળા આકરા છે, એની સાથેનો સંબંધ ઘણા લાંબા વખતનો છે, અને ત્યાગની સાથે નિશ્ચયબળ જરા પણ કાચું હોય તો પ્રાણીને પાછા ગબડી પડતાં વાર લાગતી નથી. માટે જે નિશ્ચય કરો તે પાકો કરજો, ખૂબ વિચાર કરીને કરજો, પણ અફર નિર્ધાર કરજો.

"આ વાત કહેવાનું અને તેના પર ભાર મૂકવાનું કારણ એ છે કે પ્રાણી આવેશમાં કે ઉતાવળમાં કાંઈ થોડો ઘણો ત્યાગ કરી બેસે છે, કોઇ વાર ઉપદેશની તાત્કાલિક અસરને આધીન થઈ જાય છે અથવા કોઇ વાર સગાના મરણથી, કોઈના આકરા વ્યાધિથી કે દીર્ઘ વિયોગથી અથવા વેપાર ધંધામાં ઊંધા પાસા પડવાથી એ સંસારને એકવાર છોડી એની બહાર નીકળી પડે છે. પણ પાછો એને સંસાર તરફ રાગ થવા માંડે છે અને ઉચ્ચ ભૂમિકાએથી પાછો લથડવા માંડે છે. એવા પ્રાણીનો અધઃપાત આકરો થાય છે. માટે કાચા નિર્ણયે કામ ન કરવું. ચૂકેલ ગળવાની વિચારણા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય તો તો સંસાર બહુ વધી જાય, ઊલટી કરેલ ખોરાક ખાવા ઇચ્છા થાય તો તો હેરાનગતિ અનેકગણી થઈ જાય, તજેલ વિષયો કે ત્યાગેલ રાજ્ય, છોડેલ વેપાર કે તજેલ પરિવાર સાથે સંબંધ કરવા મન થાય તો ભારે દુર્ધ્યાન થઇ જાય અને વમેલ વસ્તુ ખાવાનું બને તો રાગનો દોર વધી જાય. માટે ત્યાગ કરવા પહેલાં ખૂબ વિચાર કરવો, નિશ્ચયને જેમ બને તેમ પાકો કરવો, પોતાની ત્યાગશક્તિની તુલના કરવી અને ખૂબ પાકા નિર્ણયને વળગી રહેવું. મોહરાજાના ઉછાળા આવે તેની સામે બરાબર ઊભા રહેવાનો નિર્ણય કરવો અને કોઇ પણ સંયોગોમાં તજેલ વસ્તુ કે સંબંધને ફરીવાર વળગતાં જવું પડે એમ ન જ થવા દેવું જોઇએ. માટે તમારો નિશ્ચયબળનો ખ્યાલ કરજો, છોડી દીધા પછી પશ્ચાત્તાપ થાય અને ઘરના અને ઘાટના ન રહેવાય એમ ન થવા દેતા: પોતાના ત્યાગબળને ખૂબ ખીલવજો, પણ ખીલવ્યા પછી એને ખૂબ બહેલાવજો.

"અને ત્યાગ ધારવામાં આવે છે તેવો જરા પણ આકરો નથી. મનમાંથી એ વાત નીકળી જાઇ એટલે ત્યાગમાં તો કાંઇ કરવાપણું રહેતું નથી. મનને આકાર આપતાં આવડી જાય તો પછી ત્યાગ તો રમતમાત્ર છે માટે જરાએ પણ મુંઝાયા વગર ત્યાગ સ્વીકારવો, પણ સ્વીકાર્યા પછી સંસાર તરફ આડી નજરે કે તીર્છી નજરે પણ જોવાનું નથી એવો વિચાર થાય તેમાં જ મોજ છે. નિશ્ચયબળના જોરપર આ વાતનો આધાર રહે છે. માટે ખૂબ વિચાર કરી અહીં આવજો, આવવામાં ખૂબ મજા આવશે, પણ મોહરાયના ઉછાળા વખતે તેની સામેની તાકાત મેળવીને આવજો."

**નંદનરાજાનો ભવ્ય ત્યાગ :**

નંદનરાજાએ આ સર્વ વચનો ખૂબ પ્રેમથી શ્રદ્ધાથી સાંભળ્યાં. એની મુખમુદ્રા પરથી એનો ત્યાગ નિશ્ચય ચોક્કસ હોય એમ આચાર્યશ્રીને લાગ્યું. આચાર્યશ્રી પણ લાભનું કારણ જાણી છત્રાનગરીમાં થોડો વખત રહી ગયા. નંદનરાજા ત્યારબાદ પોતાના રાજમહેલમાં પાછા ફર્યા. એની દૃઢતા અને નિર્ણય ખરેખરા આહ્લાદજનક હતા. એણે રાજમહેલમાં આવી પોતાનાં પરિવાર અને મંત્રીવર્ગને એકઠાં કર્યાં અને તેમની પાસે પોતાના દીક્ષા અને ત્યાગ સંબંધી વિચારો કહી બતાવ્યા. કુટુંબજનોએ હજુ મહારાજાના થોડાં વર્ષો છત્રછાયાં ચાલુ રાખવા આગ્રહ કર્યો. નંદનરાજાએ પોતાના પુત્રને જવાબદારી ઉપાડી લેવાનો આગ્રહ કર્યો. પુત્ર વિવેકી વિચક્ષણ અને વિદ્વાન હતો. એણે રાજ્યનાં સર્વ ખાતાંનો અનુભવ લઈ લીધો હતો. ઘરમાં આ રીતે ત્યાગનું વાતાવરણ તૈયાર કરી મંત્રીઓને ઉદ્દેશીને કહ્યું: "તમે સર્વ સારી રીતે જાણો છો કે આપણા રાજ્યની રીતિ પ્રમાણે પુત્ર કામ ઉપાડી શકે તેવો થાય એટલે રાજ્યની લગામ તેને સોંપી દેવા અને પોતે બની શકે તો સર્વથા ત્યાગ કરવો અથવા વાનપ્રસ્થ થઈ ધર્મધ્યાનમાં કાળ પસાર કરવો. કેટલીએ પેઢીથી આ પ્રથા ચાલી આવે છે. કુમાર રાજ્યધુરા વહન કરવા યોગ્ય થઈ ગયો છે, એને નીતિ અને વ્યવહારનું જ્ઞાન થઇ ગયું છે અને એ જવાબદારી ઉપાડી શકશે એમાં મને શંકા નથી. તમે પ્રજાહિત અને રાજ્યહિતને નજરમાં રાખી એને યોગ્ય સહાય કરજો, અગત્યને પ્રસંગે એને દોરવણી આપજો અને રાજ્ય ચલાવવામાં જનતાના શ્રેયને જ નજરમાં રાખજો. અમલ કરવાની ઇચ્છા કરતાં સેવા કરવાની ઇચ્છા રાખે તે જ રાજા આખરે સુરાજ્ય જાળવી એને બહેલાવી શકે છે, લોકપ્રિય થાય છે અને પ્રજાની પ્રગતિના કાર્યમાં પોતાનો ફાળો આપી શકે છે." આવી જરૂરી સૂચના કરવા સાથે નંદનરાજાએ પરિવાર અને મંત્રીમંડળની પોતાના સર્વ ત્યાગ માટેની સંમતિ મેળવી લીધી.

ત્યાર પછી બે ચાર દિવસ જવા દઈ નંદનરાજાએ નગરના આગેવાનોને બોલાવ્યા. રાજા દીક્ષા લઈ સંસારનો ત્યાગ કરવાના છે એ વાત બે ચાર દિવસમાં આખા શહેરમાં પ્રસરી ગઇ હતી. રાજા દરરોજ પોટ્ટિલાચાર્ય પાસે એક બે પહોર બેસે અને આચાર્ય પાસે ધર્મશ્રવણ કરે એ વાત જનતાથી

For Private And Personal Use Only

છૂપી ભાગ્યે જ રહી શકે અને આચાર્ય પણ અસાધારણ વ્યક્તિત્વ ધરાવનાર પ્રખર વક્તા અને ઊંડા ત્યાગી હતા, એની મુખમુદ્રાપર ત્યાગ તરવરી રહ્યો હતો, એની ભાષામાં ગૌરવ હતું, એમની વચન પદ્ધતિમાં આકર્ષણ હતું, એમની ચાલમાં તેજ હતું અને જ્યારે એ વ્યાખ્યાન કરવા માંડે ત્યારે એમની આખી શરીર કાંતિ ભવ્ય, ભાષા સૌષ્ઠવ આકર્ષક અને યોગબળ પરનો પ્રભાવ અપૂર્વ દેખાતો હતો. એ વ્યાખ્યાન કરતાં શરીરને હલાવે નહિ, પગને ફેરવે નહિ, કટાક્ષ કરે નહિ અને દેખાવ ધાંધલ કે ટીકા કરે નહિ. આવા આચાર્યદેવે આખા નગરના વિચારક વર્ગ પર પોતાની છાયા પાથરી દીધી હતી. એ વ્યાખ્યાન સુવાસથી વાસિત થયેલા મહાજનો રાજા પાસે આવ્યા.

નંદનરાજાએ મહાજન પાસે પોતાની ઈચ્છા વ્યક્ત કરી. મહાજનના મુખ્ય માણસો ભારે સમજણવાળા હતા. તેમણે રાજાને ત્યાગ માર્ગ માટે સંમતિ આપી. આચાર્યવર્યે તૈયાર કરેલ ભૂમિકાને ભજવી આપી અને રાજાને ખેદ થાય કે વિચાર થાય તેવી એક પણ મોળી વાત ન કરી. પોતાની જેવી વફાદારી નંદનરાજા તરફ હતી તેવી જ તેમના પુત્ર તરફ રહેશે એમ જણાવતાં રાજ્ય તરફનો પોતાનો ભાવ વ્યક્ત કર્યો અને નંદનરાજા જેવો જ એમનો પુત્ર પણ રાજા તરીકે સફળ થશે એવી ઈચ્છા વ્યક્ત કરી. એમાંના એક વૃદ્ધ આગેવાને આગલા રાજાઓનાં કેટલાક પ્રસંગો તાજા કરી ખૂબ આનંદ ઉપજાવ્યો અને લાયક પુત્રને લાયક રાજ્ય આપવાની લાયક ત્યાગ ભાવનામાં નંદનરાજાને પુષ્ટિ આપી. અને રાજાના સર્વ ત્યાગના વિચારોને માટે સર્વ ત્યાગ માટે શુભ દિવસનો નિર્ણય ગોઠવવામાં આવ્યો, તેને અભિનંદન વિવેકપૂર્વક આપ્યું. તેને અંગે રાજ્યમાં આઠ દિવસનો મહોત્સવ થયો, પ્રજાને ઉત્સાહ વધે અને રાજ્ય તરફ લાગણી સારી થાય એવા સુવિહિત પ્રસંગો યોજાયા, દેવની ભક્તિ માટે ખૂબ વ્યવસ્થાઓ કરવામાં આવી, અનેક પ્રકારનાં દાનો આપવામાં આવ્યાં અને નક્કી કરેલા દિવસે ધામધુમ સહિત રાજાનો નિષ્ક્રમણ વરઘોડો નીકળ્યો. પ્રજાની પ્રત્યેક વ્યક્તિએ તેમાં હોંસથી ભાગ લીધો અને શુભ સમયે પ્રજાને યોગ્ય ભલામણ કરી, મંત્રીઓને યોગ્ય સલાહ આપી, પુત્રનો રાજ્યાભિષેક કરી નંદનરાજાએ પોટ્ટિલાચાર્ય પાસે મન વચન કાયાથી સંસારનો ત્યાગ કર્યો અને સાંસારિક સંબંધને વોસરાવી દીધો, સર્વ સાવદ્ય કાર્યો ન કરવા, ન કરાવવા, ન અનુમોદવાનો નિયમ લીધો અને સર્પ જેમ કાંચળી ઉતારી નાંખે તેમ પુત્ર–પરિવાર હાથી ઘોડા મહેલ કોરા કપડાં માલમત્તા સર્વનો ત્યાગ કરી દીધો. ત્યાગને પ્રસંગે એને આચાર્યદેવે વધારે પ્રેરણા આપી, સંસારયાત્રામાં આવો ત્યાગનો પ્રસંગ આવે એ ધન્ય પ્રસંગ છે એમ જણાવ્યું અને કરેલ ત્યાગને દીપાવવા ખૂબ પ્રેરણા આપી. મહારાજાએ આભૂષણ વસ્ત્ર ત્યાગ્યા તેની સાથે સંસારનો સર્વ સંબંધ ભૂલી ગયા અને જાણે નવો અવતાર થયો હોય એમ વર્તવાનો પોતે નિશ્ચય કરી લીધો. એમનામાં ત્યાગ જાણે સ્વાભાવિક કે સાહજિક હોય તેવું તેમનું વર્તન શરૂઆતથી દેખાઈ આવ્યું. તે જ સાંજે આચાર્યની સાથે છત્રાનગરાથી નંદનમુનિએ વિહાર કર્યો અને નગરી મૂકવા સાથે પોતે રાજા હતા, અમલ કરનાર હતા, સત્તાશાળી હતા, એ સર્વ વાત ભૂલી ગયા.

( ચાલુ )

સામાયિકમાં
વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ
**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો
મૂલ્ય રૂપિયા ૨–૦–૦ લખો :— **શ્રી જૈન ધ. પ્ર. સ.–ભાવનગર**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'દુઃખ' એ માનવનો ગુરૂ છે !

(લેખક : સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ)

સુખ અને દુઃખ એ સાપેક્ષ વસ્તુ છે. એક વસ્તુ કોઇને આકર્ષક, સુંદર, સુખ આપનારી અને જરૂરી ભાસે છે, ત્યારે તે જ વસ્તુ બીજાને બીભત્સ, ઘૃણા ઉપજાવનારી, દુઃખ આપનારી અને તેથી જ ત્યાજ્ય લાગે છે. માંસાહારી માણસને ભોજન કરતા આનંદ અને સ્વાદ આવે છે. ત્યારે નિરામિષ ભોજન કરનારને તે તરફ જોવું પણ ગમતું નથી, એટલું જ નહીં પણ તેની કલ્પના થતાની સાથે ઓકારી આવે છે. અને અહીંઆથી દોડી જઇએ એમ લાગે છે. એક અણઘડ બહેને રસોઈના વાસણ ઉંધા મૂકેલા ન હતા. તેમાંનું એક વાસણ એણે લઇ ચૂલા ઉપર મૂકી દીધું. તેમાં પાણી નાંખી દીધું. દાળ પણ અંદર ઓરી દીધી. જ્યારે તે ઘુંટવાનો પ્રસંગ આવ્યો, ત્યારે તેમાં એક વીંછી રંધાઈ ગએલો જોવામાં આવ્યો. એ જોયા પછી અમોને અને જેમણે એ દૃશ્ય જોએલું તેમને ત્રણ દિવસ સુધી જમણ ભાવ્યું ન હતું.

## આત્મિક ઉન્નતિનું જ એ પરિણામ છે

જે જીવોએ પારકાના આત્માને પણ આપણી પેઠે જ સુખદુઃખની લાગણીઓ હોય છે. તેમનો પ્રાણ હરણ કરી તેના કલેવરને આપણે ભક્ષણ કરી આપણા શરીરને સ્મશાન બનાવવું એ આપણી નીચતા છે, એવો અનુભવ કોઈ ભવમાં મેળવેલો હોય અગર કોઇ મહાન્ જ્ઞાની પાસે તેવું શિક્ષણ મેળવેલું હોય તો જ એમ બની શકે. અને એના આગામી ભવોમાં પણ એ દયાની ભાવના કેળવતો રહે. અને એમ કરી એ ધીમે ધીમે પાપમુક્ત થતો રહે. પણ આ શિક્ષણ પોતા ઉપર આવેલા દુઃખો-એ જ આપેલું હોય છે એ ભૂલીને ચાલે તેમ નથી. પોતાને દુઃખ ભોગવવું પડ્યું હોય, બીજાના આત્માને પણ મારી પેઠે જ સંવેદના હોય એવો વિવેક જાગેલો હોય, અને પોતાના કર્તવ્યનું ભાન થએલું હોય, કરૂણાને વિચાર ત્રબલ થએલો હોય, તોજ માણસ શુદ્ધ અને સાત્વિક આહાર માટે આગ્રહ રાખે, અન્યથા નહીં. એટલે જ અમો કહીએ છીએ કે દુઃખ એ ગુરૂનુ કાર્ય ભજવી જાય છે.

## પ્રત્યક્ષ દાખલાઓ

સારો સ્વાદ આવે છે, તેથી આપણે ખુબ ભજીઆ ખાઇએ, અને પરિણામે અપચો થઇ પેટ દુખે અને માંદા પડીએ તેથી ડોકટરને બોલાવીએ. ફી આપીએ અને કડવી દવા અનિચ્છાએ પીવી પડે અને બરાબર સ્વસ્થ થવાની રાહ જોવી પડે. એ અનુભવજન્ય જ્ઞાન છે. એ જ્ઞાન કોણે આપ્યું ? કહેવુ પડશે કે, એ જ્ઞાન તો દુઃખે જ આપણને શીખવ્યું. ત્યારે દુઃખ જ આપણો ગુરૂ થયો ને ! ઘણા વ્યસની માણસો પહેલા તો પોતાના વ્યસન સેવનમાં ખૂબ હરખાય છે, સુખ માને છે, પણ જ્યારે એ વ્યસનનો પૂરો તાબેદાર બની જાય છે ત્યારે એને પોતાના કાર્યનો પશ્ચાત્તાપ પણ થાય છે. એ વ્યસન છોડવાની પ્રતિજ્ઞા પણ કરી લ્યે છે. પણ એનું એ વ્યસન એવું પાકું બનેલું હોય છે કે, એની એ પ્રતિજ્ઞાઓ બાલચેષ્ટા જેવી બની જાય છે. એક ગુલામ જેમ માલેકની ઇચ્છાની બહાર જઈ શકતો નથી તેમ વ્યસની માણસ પોતાના વ્યસનથી મુક્ત થઇ શકતો નથી. વ્યસનના સેવનથી એ પ્રત્યક્ષ દુઃખ અનુભવે છે. વ્યસનના દુષ્પરિણામોનો એને અનુભવ થાય છે, ખૂબ નિરાશા ભોગવે છે. દુઃખ પોતે એનો ગુરૂ થઈ એને બોધ આપે છે. પણ ત્યારે ઘણું મોડુ થઈ જવાને લીધે એ ગુરૂનું પણ ત્યાં કાંઈ ચાલતું નથી. એવે પ્રસંગે તો કોઇ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ દુઃખથી મુક્ત થવા માટે ભીમ પરાક્રમ કરી પોતાના અનુભવીની આજ્ઞા સ્વીકારી લ્યે તો જ તે દુઃખમુક્ત બની શકે, અન્યથા નહીં. આવુ દુઃખ આપનારૂં વ્યસન જો સદ્‌ભાગ્યે છુટી જ જાય તો એના આનંદનો પાર રહે નહીં. सुखानि दुखान्यनुभूय शोभते । घनांधकारेष्विव दीपदर्शनम् । એટલે દુઃખ ભોગવ્યા પછી જ સુખનો સાચો આસ્વાદ મળી શકે છે. જેમ અંધારામાં જ દીવાની શોભા પ્રગટ થાય છે, જ્યારે ભૂખ લાગેલી હોય ત્યારે જ ભોજન ભાવે છે અને પાચન પણ થાય છે, શરીરને સારો જેવો વ્યાયામ થએલો હોય છે ત્યારે જ સુખનિદ્રાનો અનુભવ થાય છે. ટાંકણાના ઘણા ઘા ખાધા પછી જ સુંદર દેવાકૃતિ નિર્માણ થાય છે. અને તનતોડ અભ્યાસ કાળજીપૂર્વક કર્યા પછી જ પંડિત થવાય છે.

## વિવિધ જન્મોની ઉપયોગિતા

જીવાત્માનું પરમોચ્ચધ્યેય મુક્તિ છે. એ મુક્તિનુ રહસ્ય જાણી બંધનોથી છૂટા થવું એને જ મુક્તિ કહેવાય છે. તે મેળવવા માટે આત્માને અનેક કસોટીઓમાંથી અર્થાત્ દુઃખો અને અનુભવોમાંથી પસાર થવું પડે છે. એ બધું એક કે બે ભવોમાં શી રીતે પુરૂં થાય? કોઇ ઘણો કુશળ અને ધારા-શાસ્ત્રોનું રહસ્ય જાણનારો વકીલ હોય અને પોતાના ક્ષેત્રમાં એ પૂરો બાહોશ ગણાતો હોય છતાં વૈદ્યકમાં એ એકડે એક પણ જાણતો ન હોય! એક કુશળ એવો એંજીનીયર હોય પણ ચિત્રકલા એ જાણતો ન હોય ત્યારે એ બધા અનુભવો આત્મસાત્ કરવા માટે એક જ જન્મની મુદત ઓછી જ ગણાય ને! એક જ ભવમાં બધું જ જ્ઞાન મળી જાય એ અશક્ય વસ્તુ છે.

અગ્નીથી દાઝી જવાય એ જ્ઞાન થવા માટે એકાદ વખત દાઝી જવું પડે. ત્યારે જ અગ્ની જોતાની સાથે સાવધાન થઈ શકાય. નદીમાં કે દરીઆમાં કદાચ તણાઇ જઇએ એ ભીતિ અનુભવ પછી જ સમજવામાં આવે. ખાનપાનના નિયમો નહીં પાળીએ તો દુઃખ, રોગ થઈ પીડા ભોગવવી પડે. એ બધું પ્રત્યક્ષ અનુભવવું પડે તો જ એથી બચવા માટે પ્રયત્ન કરવામાં આવે. અર્થાત્ સંસારચક્રમાં સરળ પસાર થવુ પડે ત્યારે, તેમાં રહેલા ખાડા ખાબો-ચિયા અને ભયસ્થળોનો અનુભવ થાય એવો નિર્દેશ કરવાને દુ.ખ એક ગુરૂનું કાર્ય કરે છે. એમ કહેવામાં જરાએ ખોટું નથી.

## સંસારમાં આથડાવનારો મોહ

સંસારમાં જીવને રખડાવનાર, પદે પદે આચડાવી દુઃખ દેનાર, ફસાવનાર અને કડવો અનુભવ કરાવ-નાર જો કોઈ હોય તો તે મોહ જ છે. પણ આપણે એ મોહના પાશમાં સ્હેજે સપડાઇ જઇએ છીએ. અને દુઃખ પામ્યા પછી જ કાંઇક બોધપાઠ મેળવીએ છીએ આપણે અનેક દીન, દુઃખી, કષ્ટી, દરિદ્રી, રોગીની અવસ્થામાંથી પસાર થઈ આવ્યા છીએ, ત્યારે જ આપણે કાંઇક સન્માર્ગે વળ્યા છીએ. એ સમજી લેવું જોઇએ. સાચે માર્ગે વળવા માટે હજુ આપણે અનેક જન્મોનો અનુભવ ભેગો કરવો પડશે; એ સ્પષ્ટ જણાય છે. દરેક આપત્તિ અને દુઃખોમાંથી સહીસલામત પસાર થતા સુધી તો આપણને અનેક વખત મોહ ઉપર વિજય મેળવવો પડશે. એ વિજય મળવા માટે અને પુરેપુરા યશસ્વી થવા માટે આપણને ઘણા જન્મો અને ઘણા દુઃખના પ્રસંગોના કડવા ફળો ભોગવવા પડશે એમાં સંદેહ નથી.

## આપણને હજી ક્યાં ઉતાવળ છે?

વનવગડામાં ખૂબ તરસ લાગેલી હોય, જીભ અંદર તણાતી હોય, અને પાણી વગર જીવ નીકળી જશે એવી તાલાવેલી આપણને ક્યાં લાગી છે! ચોતરફ અગ્ની સળગેલો હોય, તેમાંથી છુટી શકીએ એવો કોઈ માર્ગ ન જણાતો હોય, જીવ તરફડીઆ મારતો હોય, બચાવો, ઉગારો! એવા આર્તસ્વરો મ્હોંમાંથી નિકળી પડતા હોય એવી વૃત્તિ ક્યાં જાગી છે? મોહના એકેક જાળમાં રોજ નવેસરથી ફસાઇએ છીએ, અને આ સુખ આવ્યું, આ સુખ જણાય

For Private And Personal Use Only

છે, એવી કલ્પના ઝાંઝવાના પાણીની પેઠે થતી હોય અને સુખ સુખ કરતા કરતા અશુભ કર્મોના બંધનોમાં આપણે ફસાતા જ હોઇએ, ત્યારે એ દુઃખ ગુરૂ થઇને બોધ પણ શી રીતે આપે? એ મોહની નિદ્રામાંથી જાગૃતિ પણ શી રીતે આવે? આપણે તો સબ સલામત ગણી, જોઇ લેવાશે, શી ઉતાવળ છે? એવા ભ્રમમાં રહી રગશીયુ ગાડુ હાંકે જઇએ છીએ. દુઃખ તો મોઢેથી નહીં પણ પ્રત્યક્ષ ફળ ચખાડી ઉપદેશ આપે છે. પણ આપણી એવી ઢીલાઈ અને આળસ છે કે, આપણે બધું ભૂલી જઈ મોહના પાશમાં વધુ ને વધુ સપડાઇ જ રહ્યા છીએ. બધું છોડયું. સન્યાસી બાવા થઈ બેઠા પણ અહંભાવ, કીર્તિ, મોટાઈ, વડાઈના વમળમાં ફસાઈ પડીએ ત્યારે જેના હૃદયમાં હજુ સંસાર જાગતો હોય તેને શું કહેવાય? જ્યાં સુધી આપણે તુચ્છ ગર્વ અને અહંકારને છોડ્યો ન હોય ત્યાં સુધી ભલે સાધુ હોઇએ કે ગૃહસ્થ હોઇએ, આપણને હજુ ઘણું વેઠવું છે એ સ્પષ્ટ સિદ્ધ થાય છે.

## એક જન્મ એ એક દિવસની પાઠશાળા!

આપણો પ્રવાસ હજુ ક્યાં સુધી ચાલવાનો છે? આપણા માથે કેવડો બોજો છે એ આપણી કલ્પનામાં હજુ પ્રવેશ્યુ હોય એમ જણાતું નથી. આપણે હજુ કેટલુ ભણવાનું છે કેટલા પાઠો મોઢે કરવાના છે એની આપણને ખબર નથી. છતાં આપણે જાણે સર્વજ્ઞ થઈ બેઠા છીએ એવી વડાઈ હાંકતા છે ત્યારે આપણી અજ્ઞાન અને અવિદ્યાની ધૃષ્ટતા જ કહેવાય ને! પ્રાથમિક સ્કુલમાં વારે ઘડી નપાસ થતો બચ્ચો જો બી. એ.ના પંડિત જેવી મોટી મોટી બડાશ હાંકતો હોય ત્યારે એની મૂર્ખતા જ પ્રત્યક્ષ થાય ને!

ધીમે ધીમે એકેક વર્ગ વટાવીશું તોપણ હજુ એવા અનેક વર્ગો આપણે વટાવવા છે એ ધ્યાન બહાર ન રહે એની આપણે ચિંતા રાખવી જોઇએ. આપણી ઉપર અનેક દુઃખો અને પરાભવો આવી પડે છે. ત્યારે આપણે તેમની પાસેથી બોધ તારવી લેવો જોઇએ. અને વધુ ડાહ્યા થવા પ્રયત્ન કરવો જોઇએ. ગુરૂ તો વારંવાર ચેતવણી આપે. સુધરવું અને સત્યને ઓળખતા શીખવુ એ કાર્ય તો આપણે જ કરવું પડશે. આપણો હાથ ઝાલી ગુરૂ એકડો કાઢી આપે. પણ આખરે લખતા તો આપણે જ શીખવું પડશે. ગુરૂના ભણાવવાની સફળતા ક્યારે? આપણે ભણી તૈયાર થઈ ફરી એવી ભૂલો નહીં કરતા આગળના ઉંચા વર્ગમાં પ્રવેશ કરીએ ત્યારે જ ને! દુઃખને આપણો ગુરૂ માનવો અને તેની પાસેથી બોધ મેળવી કાંઇક સુધરવુ એ આપણું કર્તવ્ય છે. ઇત્યલમ્


# જૈન રામાયણ

[ શ્રી ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્ર–પર્વ ૭ મું ભાષાંતર ]

વર્ષોથી આ ગ્રંથની નકલ મળતી નહોતી.

- કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજાની આ અપૂર્વ કૃતિનો રસાસ્વાદ માણવાનું રખે ચૂકતા.
- બળદેવ રામ, વાસુદેવ લક્ષ્મણ, પ્રતિવાસુદેવ રાવણ, એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત, ચક્રવર્તીઓ હરિષેણ તથા જયના મનોમુગ્ધકર ચરિત્ર, ઉપદેશક શૈલી અને રસિક હકીકતોથી પરિપૂર્ણ આ ગ્રંથ અવશ્ય વસાવી લેશો.

મૂલ્ય રૂા. ચાર ( પોસ્ટેજ અલગ ) લખોઃ–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિન દર્શનની તૃષા

લેખક : ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા એમ. બી. બી, એસ.

આમ હે ભગવન્ ! ત્હારા બોધપ્રભાવે હું આ જાણું છું, અને મ્હારે તો ત્હારૂં સાક્ષાત્ દર્શન કરવું જ છે, મને ત્હારા દર્શનની–સાક્ષાત્કરણની તૃષા લાગી છે, એટલે હું આ ગમે તેટલા વિઘ્નોથી ગાંજ્યો જાઉં એમ નથી, ગમે તેટલા વિઘ્નોથી લેશ પણ ક્ષોભ પામું એમ નથી. કારણ કે જેને કાર્ય કરવાની રુચિ ઉપજી છે. તે તે કાર્યની સિદ્ધિ માટે પ્રબળ પુરુષાર્થ આદરે જ છે, અને વચ્ચે આડા આવતા વિઘ્નોના ડુંગરાનો જય કરી આગળ ધપે જ છે.

## કાર્યસિદ્ધિનું રહસ્ય :
## ઇચ્છા પ્રવૃત્તિ અને વિઘ્નજય

વળી કાર્યસિદ્ધિનું રહસ્ય વિચારીએ તો કોઈ પણ કાર્યની સિદ્ધિમાં સૌથી પ્રથમ તો તે કાર્ય માટેની અંતરંગ ઇચ્છા–રુચિ–ધગશ જાગવી જોઇએ. એવી અંતરંગ ઇચ્છા હોય, તો જ તેનો રસ્તો મળી આવે છે, અને તેનો માર્ગ મળી આવતાં પ્રવૃત્તિ અર્થાત્ કાર્ય માટેનો પ્રયત્ન થાય છે, અને એમ ઉત્સાહથી પ્રવર્ત્તતાં માર્ગમાં વિઘ્ન આવે તો તેનો જય કરાય છે, અને એમ કરતાં કરતાં અનુક્રમે કાર્યની પૂર્ણતા–સિદ્ધિ થાય છે. આમ સામાન્ય ક્રમ છે. આત્મા **કાર્યરુચિવાળો** થયે બધા **કારક** ફરી જાય છે, પલટાઇ જાય છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એ છ કારક જે પૂર્વે બાધકપણે પ્રવર્ત્તતા હતા, તે આત્મસિદ્ધિ કાર્ય પ્રત્યે અંતરંગ રુચિ–ઇચ્છા ઉપજતાં સાધકપણે પ્રવર્ત્તે છે; જેવી રુચિ ઉપજે છે, તેવું તેને અનુયાયી–અનુસરતું આત્મવીર્ય સ્ફુરાયમાન થાય છે. જ્યારે જીગરનો પ્રેમ લાગે છે, ત્યારે જ આત્મા જાગે છે, અને ત્યારે જ ખરેખરો રંગ લાગે છે. આમ કોઇ પણ વસ્તુ સાચા દિલથી રુચિ ગયા પછી–ગમી ગયા પછી તે ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ માટે પુરુષ જરૂર પ્રવર્ત્તન કરે છે–પ્રયત્ન કરે છે, અને તે ગમી ગયેલી-ગોઠી ગયેલી ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિમાં ગમે તેટલા વિઘ્નો નડે, ગમે તેટલી વિપત્તિઓ આવી પડે, તો પણ તે તેનો પીછો છોડતો નથી, પણ ઉલટો બમણા ઉત્સાહથી તે વિઘ્નનો પણ સામનો કરી–**વિઘ્નજય** કરી આગળ ધપે જ છે. તેમ હે ભગવન્ ! અંતરાત્માથી મ્હારા આત્માએ પરમ ઇષ્ટ માનેલા ત્હારા દર્શનની– પરમાત્મદર્શનની પ્રાપ્તિના માર્ગમાં ગમે તેટલા *વિઘ્નના ડુંગરા આવી પડે, ગમે તેટલી વિપત્તિ–સરિતાઓ વચ્ચે નડે, તો પણ મ્હારો પરમાત્મદર્શન પિપાસુ આત્મા પોતાના ઇષ્ટ ધ્યેયનો કેડો કદી મૂકવાનો નથી, પણ ઉલટો દ્વિગુણિત ઉત્સાહબળથી તે તે વિઘ્નોનો–અંતરાયોનો પણ પરાજય કરી આગળ વધવાનો કૃતનિશ્ચયી થયો છે.

## ત્રણ પ્રકારના વિઘ્નોનો જય :

કોઈ પણ વટેમાર્ગુ અમુક ઇષ્ટ સ્થળે જવા

---

* **આનંદઘનજી**ની જેમ પરમ આત્મપરાક્રમી–પરમ આત્મપુરુષાર્થી **શ્રીમદ્ રાજચંદ્રજી**ના પરમ સંવેગપૂર્ણ વચનામૃત છે કે–"ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દઢત્વ આત્મામાં પ્રકાશે છે. જે દઢતા છે તે પૂર્ણ કરવી, જરૂર પૂર્ણ કરવી એ જ રટણ છે. જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી એમ દઢતા છે.

ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિસહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ ત્યાં સુધી હે જીવ છૂટકો નથી. આમ જે પથ્યમાંથી ઉ મળે છે, અને તે યથાયોગ્ય લાગે છે."

**—શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૧૧૫**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાવ

ડૉ. વલભદાસ નેણસીભાઇ–મોરબી

દાન–શીલ–તપ અને ભાવ એ ચાર ધર્મના પ્રકાર છે. તે સર્વમાં ભાવની જ મુખ્યતા છે. ભાવની હૈયાતી એ જ પૂર્વનાં ત્રણની સફળતા છે. ભાવ વિના ત્રણેની નિષ્ફળતા છે. " ભાવના સદૃશી સિદ્ધિ " ગમે તેવું દાન આપતાં, ગમે તેવી ધર્મક્રિયા કરતાં તથા ગમે તેવી તપસ્યા કરતાં તેની સિદ્ધિ ભાવનાને જ આધારે છે. ભાવના પવિત્ર હોય તો ઉપરોકત સત્પ્રવૃત્તિઓ સફળતાને પામે છે ભાવના મલીન–પાપી–વા સ્વાર્થી હોય તો ફલસિદ્ધિ પણ તેવીજ થાય છે.

લૌકિક કહેવત છે કે " ગોળ નાંખો તેટલું ગળ્યું થાય " તેમ જેવી ભાવના હોય તેવી સિદ્ધિ થાય છે. ભાવનામાં અવિકલ્પ દશા અને દ્રઢતા જોઇએ. એ બે ગુણ વિના કાર્ય સિદ્ધ થઇ શકે નહિ. શ્રી ગીતાજીમાં કહ્યું છે કે " સંશયાત્મા વિનશ્યતિ " શંકાશીલ આત્મા કાર્યસિદ્ધિથી ભ્રષ્ટ રહે છે. પવિત્ર આત્માઓની નિર્મળ ભાવનાઓના પ્રભાવથી કુદરતી એવા જડ તત્વો પણ પોતાના મૂળ સ્વભાવને પરાવર્તન કરી શકે છે, તો પછી ચૈતન્ય તત્ત્વ વિશુદ્ધ ભાવનાના ઉત્કૃષ્ટ બળથી અનંત શક્તિનો વિકાસ

---

ઇચ્છતો હોય તે વચ્ચે આવી પડતા વિઘ્નોનો જય કરતો રહી તે પોતાના ઇષ્ટ સ્થળ પર્યંત ગમનક્રિયા ચાલુ રાખે, તો અનુક્રમે તે સ્થળે પહોંચે છે. એને વચમાં ત્રણ પ્રકારના મુખ્ય વિઘ્ન સંભવે છે—કંટકવિઘ્ન, જ્વરવિઘ્ન, અને દિગ્મોહવિઘ્ન (૧) **કંટકવિઘ્ન** એટલે કાંટો લાગવાથી જરા ક્ષણભર વિઘ્ન નડે તે : પણ તે નિકળી જતાં તરત મુસાફરી ચાલુ થાય છે. આ જઘન્ય–નાનામાં નાનું વિઘ્ન છે. (૨) બીજું **જ્વરવિઘ્ન.** રસ્તામાં *તાવ આવતાં મુસાફરી મોકુફ રાખવી પડે તે, અને તે ઉતરી જતાં મુસાફરી ફરી ચાલુ થાય છે. આ બીજું વિઘ્ન પહેલા કરતાં આકરું હોઇ મધ્યમ છે, વચલા વાંધાનું છે. (૩) ત્રીજું **દિગ્મોહવિઘ્ન.** સૌથી આકરું હોઇ મોટામાં મોટું–ઉત્કૃષ્ટ પ્રકારનું વિઘ્ન છે, કારણ કે દિશામોહથી તે મુસાફર પોતાની જવાની દિશા જ ભૂલી જાય છે, આડફેટે ચઢી જવાથી ગોથાં ખાય છે, અને પુનઃ માર્ગે ચઢે–ઠેકાણે આવે ત્યાં સુધી આ વિઘ્ન નડે છે. તેમ ત્હારા દર્શનમાર્ગે પ્રવર્ત્તતાં પણ સાધકયોગીને આવા જઘન્ય–મધ્યમ–ઉત્કૃષ્ટ પ્રકારનાં વિઘ્નો નડે છે. જેમકે–શીત તાપ વગેરે કંટકવિઘ્ન સમાન છે, જ્વર વગેરે બાહ્ય વ્યાધિ તે જ્વરવિઘ્ન સમાન છે, અને મિથ્યાદર્શનરૂપ અંતર્વ્યાધિ તે દિગ્મોહવિઘ્ન સમાન છે. આ મૃદુ–મધ્યમ–અધિમાત્ર સર્વ પ્રકારના વિઘ્નોનો જય કરી મુમુક્ષુ પુરુષ આગળ વધવા મથે છે.

( ક્રમશઃ )

* " વિના વિઘ્નજય સાધુને રે, નવિ અવિચ્છિન્ન પ્રયાણ રે,
કિરિયાથી શિવપુરી હોય રે, કેમ જાણે અનાણ રે ? પ્રભુ૦
શીત તાપ મુખ વિઘન છે રે, બાહેર અંતર્ વ્યાધિ રે;
મિથ્યાદર્શન એહની રે. માત્રા મૃદુ મધ્યાધિ રે. પ્રભુ૦
આસન અશન જયાદિકે રે, ગુરુયોગે જય તાસ રે;
વિઘન જોર એ નવિ ટળે રે, વગર જ્ઞાન અભ્યાસ રે પ્રભુ૦"

**શ્રી યશોવિજયજીકૃત સાડા ત્ર. ગાથા. સ્ત. ઢાલ ૧૦**



For Private And Personal Use Only

કરી શકે તેમાં કાંઇ આશ્ચર્ય નથી. ભાવના એ હૃદયની શુદ્ધિ તથા મનોબળની દઢતા છે. અને તે બોલવાથી પ્રગટ થતી નથી પણ યોગ સ્થિર કરવાથી, અંતઃશુદ્ધિ તથા વૃત્તિનો જય કરવાથી જ ઉત્પન્ન થાય છે.

ધાર્મિક ક્રિયામાં વા પ્રભુની મુદ્રા સન્મુખ વૃત્તિ સ્થિર રાખી, પરમાત્માના દિવ્યસ્વરૂપનો વિચાર કરતાં તથા પોતાના અંતર જીવનનો પ્રભુના જીવન સાથે મુકાબલો કરતાં પ્રભુમય વૃત્તિ એકતારને પામી જાય કે તે સમયે તેના શરીર ઉપર ગમે તેવા આઘાત-પ્રત્યાઘાત પડે તો પણ દેહભાવના તથા જગદાકાર વૃત્તિનો લય થવાથી પોતાની નિર્મળ ભાવનાની ક્ષતિ કે ચલિતપણું ન થાય તેને જ ભાવના કહે છે. મંદિરમાં પ્રભુ મુદ્રા સામે પાંચ-દશ મિનિ ચૈત્યવંદન કરતાં હોય ત્યાં પણ મન ક્યાંઈ રખડતુ હોય, ચક્ષુ-દ્રષ્ટિ ક્યાંઇ ફરતી હોય, કાયા ક્યાંઈ ચલ-વિચલ થતી હોય. ઘડીક દેરાસરના ચિત્રો તરફ દષ્ટિ જશે તો ઘડીક લોકો તરફ દષ્ટિ જશે, અને ચલ-વિચલ થતાં તન્મયતા થઈ શકશે નહિં. અને ભાવના પણ નિર્મળ રહી શકશે નહિં.

પ્રકાશના નિમિત્તથી અંધકારનો લય થાય છે. તેમ સંકલ્પ બળથી વિઘ્નો વા આવરણોનો ક્ષય થાય છે. દશ્ય પદાર્થોનું નિરીક્ષણ કરવામાં પ્રકાશ સહાયક થાય છે. તેમ કાર્યની સફળતા થવામાં ભાવના સહાયક બને છે. ભાવના વિકલ્પજનિત તથા સંકલ્પ-જનિત એમ બે પ્રકારે છે. વિકલ્પજનિત ભાવના ચંચળ પરિણામને પામી તેનો વિનાશ થાય છે. અને સંકલ્પજનિત ભાવના કાર્યની સિદ્ધિ મેળવે છે. કોઈ પણ સત્કાર્યની સફળતા મેળવનાર જીવાત્માના હૃદયમાં કાર્ય સિદ્ધિ થશે કે નહિ એવી શિથિલ ભાવના ઉત્પન્ન થાય તો કદાપિ પણ કાર્ય સિદ્ધિ તે કરી શકતો નથી. કાર્ય કરનાર જીવાત્માનો 'અવશ્ય કાર્ય કરવું છે અને તેની અવશ્ય સિદ્ધિ થશે જ' એમ દઢ સંકલ્પ હોય તો જ તે કાર્યને સિદ્ધ કરી શકે છે.

લૌકિક પણ કહેવત છે કે "રોતો જાય તે મુવાના (મરવાના) સમાચાર લાવે" અર્થાત્ ચંચળ ચિત્તની ચલિત વૃત્તિથી વા માનસિક નિર્બળતાથી કોઈ પણ કાર્ય સફળ થઈ શકતું નથી "દેહં પાતયામિ વા કાર્યં સાધયામિ" દેહ પડે તો ભલે પણ કાર્ય તો અવશ્ય કરવું જ છે. એમ દીર્ઘ વિચારપૂર્વક દઢ મનોબળથી યાહોમ કરી અવિકલ્પ-પણે પ્રવૃત્તિ કરનાર અવશ્ય સિદ્ધિને મેળવે છે. તેથી જ જ્ઞાનીઓએ ભાવના પ્રમાણે સિદ્ધિ થાય એમ જણાવ્યું છે. અમૂક કાર્ય કરવાની ભાવના હોય છતાં તેની સિદ્ધિ ન જણાય તેનું કારણ ભાવનામાં આસક્તિ, વિકલ્પ વા શિથીલતા હોય છે તેથી જ કાર્ય સિદ્ધ થતું નથી.

જેના હૃદયમાં આત્મકલ્યાણ કરવાની સાચી જ ભાવના હોય તે કષાય-વિષય તથા રાગ-દ્વેષાદિ આત્મઘાતી પ્રવૃત્તિઓમાં નિરંતર જીવન વ્યતીત ન કરતાં તેવી અકલ્યાણકારક પ્રવૃત્તિથી પાછો હઠી કલ્યાણદાયક પ્રવૃત્તિમાં જ આનંદ વા રમણતા કરશે. ક્રોધનો ત્યાગ કરવામાં જ આત્મશ્રેય થાય એમ માનતો હોય છતાં ક્રોધમાં જ જીવન વ્યતીત કરે, તેનાથી નિવૃત્ત ન થાય તો ક્રોધનો ત્યાગ કરવાની ભાવના અંતરથી ઉત્પન્ન થયેલ સાચી કે તીવ્ર નથી પણ કલ્પિત છે. શિથિલ વા કલ્પિત ભાવનાથી આત્મશ્રેય થતુ નથી પણ સાચી અને ઉત્કૃષ્ટ ભાવનાથી જ આત્મસિદ્ધિ થાય છે.

ટૂંકામાં ભાવ એ ધર્મનો મિત્ર છે, કર્મોરૂપી ઇંધનોને બાળવાનો અગ્નિ છે, સુકૃતરૂપી અન્નમાં ઘી છે અને મુક્તિ લક્ષ્મીનો છડીદાર છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રસારક સભા – ભાવનગર

## સંવત ૨૦૧૧ થી ૨૦૧૩ સુધીનું ત્રણ વર્ષનું સરવૈયું

### સંવત ૨૦૧૧

**જ**

૩૭૯૬૧ા૦ાાા શ્રી સભા ખાતે
૪૯૬૫૯ા શ્રી લાઇફ મેમ્બર ફી ખાતે
૨૮૩ા≈ા શ્રી સભાસદની ફી ખાતે
૪૬૬૪ાાા= શ્રાવણ સુદી ૩ વર્ષગાંઠ ખાતે
૨૮૯૦)૦ાા શેઠ ત્રિભોવનદાસ ભાણજી જૈન કન્યાશાળા
૮૫૩ાાા= બેન મોંઘી લગ્ન સ્મારક
૧૧૧૨૯ાાા≈ શ્રી જીવદયા ખાતે
૪૪૯ાા શ્રાવણ સુદી ત્રીજ માઝાની જાળ
૫૦૦) કારતક સુદી ૬ ચા ટીફીન ખાતે
૨૪૭ાા=ાાા કારતક સુદી ૨ પ્રભાવના ખાતે
૪૦૦) શ્રી કુંવરજીભાઇ તીથી ફંડ
૭૧૯ાાાં=ાાા લીલાવતી ફીકાભાઈ
૧૦૪ાા ગીરધરલાલ દેવચંદ
૧૨૪ાાા= શ્રી ચુનીલાલ દુર્લભદાસ પારેખ
૧૦૩૪ાાા= શ્રી અમરચંદ ઘેલાભાઈ
૯)= શ્રી સાધુ-સાધ્વી વૈયાવચ્ચ
૨૩૪ા= શ્રી અઠ્ઠમાતી પ્રભાવના
૫૫૭ાાા=ાા શ્રી શ્રાવીકા સમુદાય
૮૭ાા≈ શ્રી સાધ્વીજી લાભશ્રીજી
૫૪૭ાાા૦ા શ્રી પારેવાની જુવાર
૧૪૨૩ાાા૦ાા શ્રી પરચુરણ દેવા
૨૧૮૮)- શ્રી પુસ્તકો ખાતે
૧૨૯) શ્રી લાઇબ્રેરી ડીપોઝીટ
૧૦ાા૦ાા શ્રી વાર્ષીક મેમ્બરો
૮૨ા-ા આચાર્ય ભક્તિસૂરીશ્વરજી

૮૨૧૨૪ાાા=ાા
૪ાાા-ાા સરવૈયા ફેર
૮૨૧૨૯ાાા

**ઉ**

૨૨ા=ાાા શ્રી ટીકીટના મેળ ખાતે
૧૧૮૨૮ાાા≈ા શ્રી લાઇબ્રેરી ખાતે
૪૧૦૯)૦ાાા શ્રી વેચવાના પુસ્તકો ખાતે
૬૫૬૧)-ાા શ્રી જૈન ધર્મ પ્રકાશ ખાતે
૬૨૭૪ાાા=ાાા શ્રી સૌરાષ્ટ્ર બેંક ખાતે
૨૫૭૩૪)=ાા શ્રી સભાના મકાન ખાતે
૨૨૨૯)≈ાા શ્રી કુંવરજીભાઈ સ્મારક ખાતે
૧૦) શ્રી ગોધરા ઇલેક્ટ્રીક કું ખાતે ડીપોઝીટ
૯૯૬ાાા શ્રી દુકાનના ભાડુતો પાસે
૮૧૧)=ાા શ્રી બુકસેલરો પાસે
૧૨૦૦૦) માસ્ટર સીલ્ક મીલ લી.
૫૯૬)=ાા શ્રી કાગળ ખાતે
૧૦ા પરચુરણ લેણા
૯૭૯૪ાાા-ા શ્રી સભાના પુસ્તકો ખાતે
૨૦૭ાા≈ શ્રી વાર્ષિક મેમ્બરો ભાવનગર
૧૬૬ાાા≈ શ્રી બહારગામ વાર્ષિક મેમ્બરો
૯૦)= શ્રી વી.પી. ઉઘરાણી

૮૨૧૪૩ાાા
૮૮૬) શ્રી પુરાંત છે
૮૨૧૨૯ાાા

### સંવત ૨૦૧૨

**જ**

૩૮૨૦ા=ાાા શ્રી સભા ખાતે
૪૯૮૬૩ા શ્રી લાઇફ મેમ્બર ફી ખાતે
૧૦૦ાા૦ા શ્રી સભાસદની ફી ખાતે
૧૧૫૭૫)≈ શ્રી જીવદયા ખાતે
૪૫૦૩ાા-ા શ્રાવણ સુદી ૩ વરસગાંઠ
૨૯૯૮ા=ાા ત્રીભોવનદાસ ભાણજી કન્યાશાળા

**ઉ**

૩૮)-ાાા શ્રી ટીકીટના મેળ ખાતે
૧૧૮૩૦ાાા-ા શ્રી લાઇબ્રેરી ખાતે
૩૭૭૫ા≈ા શ્રી વેચવાના પુસ્તકો
૬૨૫૭ા શ્રી જૈન ધર્મ પ્રકાશ
૭૮૦૪)-ાાા શ્રી સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર



For Private And Personal Use Only

| | |
|---|---|
| ૮૫૫॥।= | શ્રી મોંઘીબેન સ્મારક |
| ૪૬૬।= | શ્રાવણ સુદી ૩ માછલાની જાળ |
| ૨૫૬॥।≈ | કારતક સુદી ૨ પ્રભાવના |
| ૪૦૦) | શ્રી કુંવરજીભાઈ સ્વર્ગવાસ તીથી પૂજા |
| ૫૦૦) | કારતક સુદી ૬ ના ટીફીન |
| ૭૧૯॥।=॥ | લીલાવંતી કીકાભાઈ |
| ૧૦૪॥ | શ્રી ગીરધરલાલ દેવચંદ |
| ૧૨૪॥।= | શ્રી ચુનીલાલ દુર્લભદાસ પારેખ |
| ૧૦૩૪॥।= | શ્રી અમરચંદ ઘેલાભાઈ |
| ૯)= | શ્રી સાધુ-સાધ્વી વૈયાવચ્ચ |
| ૨૩૪।= | શ્રી અઠ્ઠમાતી તપસ્યા પ્રભાવના |
| ૫૫૭॥।= | શ્રી શ્રાવીકા સમુદાય ખાતે |
| ૮૭॥≈ | સાધ્વીશ્રી લાભશ્રીજી |
| ૫૪૭॥।૦ | શ્રી પારેવાની જુવાર ખાતે |
| ૧૮૦।- | શ્રી પરચુરણ દેવા |
| ૮॥- | શ્રી સાધ્વીજી ઉત્તમશ્રીજી મહારાજ |
| ૨૫૨૮।-॥ | શ્રી પુસ્તકોના વધારાના |
| ૧૪૧) | શ્રી લાયબ્રેરી ડીપોઝીટ |
| ૮૨।- | આચાર્ય શ્રી વિજયભક્તીસૂરીશ્વરજી |
| ૩૨॥૦॥ | મેમ્બરોના જમા |
| ૮૧૭૩૪॥≡ | |

| | |
|---|---|
| ૨૫૭૩૪)≈॥ | શ્રી સભાના મકાન ખાતે |
| ૨૨૨૯)≈॥ | શ્રી કુંવરજીભાઈ સ્મારક ખાતે |
| ૧૦) | શ્રી ગોધરા ઇલેક્ટ્રીક ડીપોઝીટ |
| ૧૦૬।= | શ્રી મકાનના ભાડુતો પાસે |
| ૯૧૪॥≈ | બુકસેલરો પાસે |
| ૧૨૦૦૦) | શ્રી માસ્ટર સીલ્ક મીલ્સ |
| ૩૧૪॥≈ | ટાઈટલ કાગળ ખાતે |
| ૯૧૫૬)૦। | શ્રી સભાના પુસ્તકો |
| ૧૩૩॥ | વાર્ષીક મેમ્બરો ખાતે |
| ૫૧॥- | શ્રી વી.પી. ખાતે |
| ૨। | સરવૈયા ફેર |
| ૮૧૩૫૯૦॥ | |
| ૩૭૫।= | શ્રી પુરાંત છે. |
| ૮૧૭૩૪॥≡ | |

## સંવત ૨૦૧૩

જમે

| | |
|---|---|
| ૪૧૨૬॥≈॥ | શ્રી સભા ખાતે |
| ૪૯૮૬ઢ। | શ્રી લાઈફ મેમ્બર ફી |
| ૧૨૦૩૩॥≈ | શ્રી જીવદયા ખાતે |
| ૪૬૪૪।≈ | શ્રાવણ સુદી ૩ વરસગાંઠ |
| ૩૧૧૦॥- | શ્રી ભુવનદાસ ભાણજી કન્યાશાળા |
| ૯૧૯)- | મોંઘીબેન સ્મારક ખાતે |
| ૪૮૩॥-॥ | શ્રાવણ સુદી ૩ માછલાની જાળ |
| ૫૦૦) | કા. સુદી ૬ ના ટીફીન |
| ૨૬૬॥૦॥ | કારતક સુદી ૨ પ્રભાવના |
| ૪૦૦) | કુંવરજીભાઈ પૂજા તીથી ફંડ |
| ૭૧૯॥=॥ | લીલાવંતી કીકાભાઈ |
| ૧૦૪॥ | ગીરધરલાલ દેવચંદ |
| ૧૨૪॥= | શ્રી ચુનીલાલ દુર્લભજી પારેખ |
| ૧૦૩૪॥= | અમરચંદ ઘેલાભાઈ |
| ૨૩૪।= | અઠ્ઠમાતી તપસ્યા પ્રભાવના |
| ૫૫૭॥= | શ્રી શ્રાવક-શ્રાવીકા સમુદાય |
| ૮૭॥≈ | સાધ્વીજી લાભશ્રીજી |
| ૫૪૭॥।૦ | શ્રી પારેવાની જુવાર |
| ૨૪॥= | ભગવાનદાસ મનસુખલાલ |
| ૮॥- | સાધ્વીશ્રી ઉત્તમશ્રીજી |
| ૧૦૩)=॥ | પરચુરણ દેવા |
| ૧૨૩) | લાયબ્રેરી ડીપોઝીટ |
| ૨૬૪૦≈॥ | પુસ્તકોના વધારા ખાતે |
| ૮૨૬૬૧)-॥ | |

ઉધાર

| | |
|---|---|
| ૧૦)≈ | શ્રી ટીકીટના મેળ ખાતે |
| ૧૩॥-॥ | શ્રી સભાસદના ફી ખાતે |
| ૧૧૮૩૭।૦ | શ્રી લાયબ્રેરી ખાતે |
| ૩૫૦૭॥-॥ | શ્રી વેચવાના પુસ્તકો ખાતે |
| ૭૭૨૮॥-। | શ્રી જૈન ધર્મ પ્રકાશ |
| ૭૪૩૯)-॥ | શ્રી સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર |
| ૨૫૭૬૯)≈॥ | શ્રી સભાના મકાન ખાતે |
| ૨૨૯૧)≈॥ | શ્રી કુંવરજીભાઈ સ્મારક |
| ૧૦) | શ્રી ઇલેક્ટ્રીક ડીપોઝીટ |
| ૭૩૨।= | મકાનના ભાડુતો પાસે |
| ૭૯૬।-॥ | બુકસેલરો પાસે |
| ૧૨૦૦૦) | માસ્ટર સીલ્ક મીલ્સ |
| ૮૯૪॥- | શ્રી સભાના પુસ્તકો ખાતે |
| ૩૬૦।- | શ્રી વાર્ષીક મેમ્બરો ખાતે |
| ૮)= | ખુશાલચંદ વસ્તાભાઈ |
| ૧॥≈॥ | સરવૈયા ફેર |
| ૮૧૪૫૮॥≡। | |
| ૧૨૦૨।= | શ્રી પુરાંત છે. |
| ૮૨૬૬૧)-॥ | |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

# સ મા લો ચ ના

**૧. શ્રી જૈનદર્શનમીમાંસા અને અન્ય લેખો** લેખક : શ્રી ફતેહચંદ ઝવેરભાઇ,

પ્રકાશક :-શ્રી જૈન આત્માનંદ સભા ખારગેટ ભાવનગર કિં. રૂા. ૧-૫૦ ન. પૈ.

શ્રી જૈનદર્શનમીમાંસામાં લેખકે જ્ઞાન, દર્શન, ચારિત્ર, પટ્‌દ્રવ્ય કર્મમીમાંસા, સમ્યકત્વનું સ્વરૂપ, સાત નયો વગેરે સમજાવવા પ્રયત્ન કરેલ છે આ લેખ વાંચતી વખતે શ્રી ઉમાસ્વામિજીનું તત્વાર્થસૂત્ર જાણે કે ગુજરાતીમાં વાંચતા ન હોઇએ તેવો આભાસ થાય છે. બીજા લેખ જૈનદર્શન તુલનાત્મક દ્રષ્ટિએ "માં જૈનદર્શનની પ્રાચીનતા બતાવવામાં આવેલ છે. ત્રીજા લેખ "શ્રી મહાવીર પ્રભુનું આંતર જીવન "માં સમ્યકત્વનું સ્વરૂપ, મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ એ ચાર ભાવનાની ઉપયોગીતા દર્શાવેલ છે. ચોથા લેખમાં આધ્યાત્મિક પરિમલની સુવાસ છે અને પાંચમા લેખમાં શ્રી યશોવિજયજી મહારાજનું સંક્ષિપ્ત જીવન આપેલ છે

શ્રી ફતેહચંદભાઈ ભાવનગરના ધર્મનિષ્ઠ સુશ્રાવક શ્રી ઝવેરચંદ ભાયચંદના સુપુત્ર છે તેઓ એક જાણીતા લેખક અને વક્તા છે. પોતાની યુવાવસ્થામાં તેમણે ધાર્મિક સૂત્રો, પ્રકરણો, ભાષ્યો અધ્યાત્મ કલ્પદ્રુમ, જ્ઞાનસાર, ઉપમિતિ ભવપ્રપંચા કથા વગેરે ઉત્તમ ગ્રંથોનો અભ્યાસ કરેલ છે. તેઓ જૈન આત્માનંદ સભા ભાવનગર, અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ મુંબઈ, જૈન ધાર્મિક શિક્ષણ સંઘ મુંબઇ, શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ મુંબઇ, શ્રી ઘોઘારી જૈન મિત્ર મંડળ મુંબઈ, જૈન બાલાશ્રમ પાલીતાણા જૈન ગુરૂકુળ પાલીતાણા વિગેરે જૈન સંસ્થાઓ સાથે જોડાયેલા છે અને યથાશક્તિ સેવા કરી રહેલ છે.

શ્રી ફતેહચંદભાઇ તંદુરસ્તીભર્યું દીર્ઘાયુષ્ય ભોગવે અને શ્રી જૈન સંસ્થાઓને તેમની સેવાનો લાભ આપે તેમ શાસનદેવ પાસે પ્રાર્થના કરીએ છીએ.

**૨. સંસ્કૃત ધાતુકોષ (ગુજરાતી અર્થ સહિત)** કર્તા -પંડિત અમૃતલાલ અમરચંદ સલોત

નિવૃત્ત સંસ્કૃત-પ્રાકૃત અધ્યાપક, શ્રી હેમચંદ્રાચાર્ય પાઠશાળા, પાલીતાણા. કિંમત રૂ. ૪-૦૦

પ્રાપ્તિસ્થાન :-શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, હેરિસરોડ, ભાવનગર.

શબ્દકોષની રચનાના કાર્યમાં વિદ્વત્તા અને પરિશ્રમ બન્નેની જરૂર પડે છે કાકા કાલેલકર જેવા સમર્થ વિદ્વાને એક સ્થળે જણાવેલ છે કે, "કોઇપણ ભાષાનો શબ્દકોષ એ તે ભાષાના એટલે કે તે ભાષાના બોલનારના પુરૂષાર્થનું પ્રતીક છે."

સંસ્કૃત ભાષાના જ્ઞાન માટે તેના ધાતુઓનો અભ્યાસ આવશ્યક છે. આ ગ્રંથ અત્યાર સુધીના પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ જાણવામાં આવેલા સર્વ સંસ્કૃત ધાતુઓને અકરાદિ ક્રમથી ગુંથી ને કયા ગણનો છે? તે પરસ્મૈપદી છે? કે ઊભયપદી છે? વળી સેટ્ છે, અનિટ્ છે કે વિટ્ છે? તેનુ વર્તમાન કાળમાં કેવું રૂપ થાય છે? તેના ગુજરાતીમાં કયા કયા અર્થો થાય છે? જુદા જુદા ઉપસર્ગો લાગતા શું શું અર્થ થાય છે? તે દર્શાવવાનો અસાધારણ વિદ્વત્તાભર્યો વિશિષ્ટ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

બહોળા અનુભવજ્ઞાન પછી આવા ઉપયોગી ગ્રંથની રચના થઇ શકે છે. હજારો સંસ્કૃત ધાતુઓના વિવિધ અર્થોનું ગુજરાતીમાં જ્ઞાન આપનાર આવો બીજો ગ્રંથ જાણવામાં નથી. ત્રણ હજાર ઉપરાંત ધાતુઓનો વિશાળ સંગ્રહ આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે. લાંબા સમયથી આવા ધાતુકોષની જરૂર હતી તે કાર્ય કરવા બદલ પંડિત શ્રી અમૃતલાલભાઇને ધન્યવાદ ઘટે છે. સંસ્કૃતના અભ્યાસી વિદ્વાનો અને સાક્ષરો તથા વિદ્યાર્થીઓએ ખાસ વસાવવા અને અભ્યાસ કરવા યોગ્ય છે. વળી પુસ્તકાલયો અને જ્ઞાન ભંડારોએ પણ આવો મહત્ત્વનો ગ્રંથ અવશ્ય વસાવવો જોઇએ.

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય-ભાવનગર

For Private And Personal Use Only